**આ પૉલિસીમાં ઈન્વેસ્ટમેન્ટ પોર્ટફોલિયોમાં રોકાણનું જોખમ પૉલિસીધારક ભોગવે છે.**

**"યુનિટ લિંક્ડ ઈન્શ્યૉરન્સ પ્રોડક્ટ્સ કૉન્ટ્રાક્ટના પ્રથમ પાંચ વર્ષ સુધી કોઈ જ પ્રવાહિતા પૂરી નથી પાડતા. પૉલિસીધારકો આ પાંચ વર્ષ પૂર્ણ ન થાય ત્યાં સુધી યુનિટ લિંક્ડ ઈન્શ્યૉરન્સમાં રોકાણ કરેલા પૈસા પૂરેપૂરા અથવા આંશિક ઉપાડ નથી કરી શકતા કે સરન્ડર નથી કરી શકતા."**

## એસબીઆઈ લાઈફ – સ્માર્ટ ઈન્શ્યૉરવેલ્થ પ્લસ શા માટે?

જેમ જેમ તમે જીવનમાં આગળ વધો તેમ તમારાં સપનાં પણ તમારી સાથે વધતા જાય છે. તમારા પરિવારના આર્થિક ભવિષ્યને સશક્ત કરવા સાથે તમારી મહત્વાકાંક્ષાઓને પણ સાકાર કરો એસબીઆઈ લાઈફ – સ્માર્ટ ઈન્શ્યૉરવેલ્થ પ્લસ સાથે, આ યુલિપ પ્લાન તમારી સંપત્તિ નિર્માણ કરવા સાથે તમારા સ્વજનોને સુરક્ષા પણ પૂરી પાડે છે. એસબીઆઈ લાઈફ – સ્માર્ટ ઈન્શ્યૉરવેલ્થ પ્લસ એક ઈન્ડિવિજ્યુઅલ, યુનિટ-લિંક્ડ, નૉન-પાર્ટિસિપેટિંગ, લાઈફ ઈન્શ્યૉરન્સ પ્રોડક્ટ છે જે તમને શિસ્તબદ્ધ બચતની ખૂબી સાથે જીવન વીમા સુરક્ષા આપે છે જેથી તમારા સપનાં સાકાર કરવાની સાથે **સિસ્ટમેટિક મંથલી વિડ્રોઅલનો#** લાભ મેળવી શકો.

## મુખ્ય વિશેષતાઓ

- **ઈઝી મંથલી ઈન્શ્યૉરન્સ :** પસંદ કરેલી મુદત સુધી માસિક પ્રીમિયમ ચૂકવીને શિસ્તબદ્ધ રોકાણની આદત કેળવો
- **3 ઈન્વેસ્ટમેન્ટ સ્ટ્રેટજીની પસંદગી :** ટ્રિગર સ્ટ્રેટજી, ઑટો એસેટ અલોકેશન સ્ટ્રેટજી અને સ્માર્ટ ચૉઈસ સ્ટ્રેટજી
- **સ્માર્ટ ચૉઈસ સ્ટ્રેટજી હેઠળ રોકાણની લવચિકતા :** તમારા રોકાણનું સંચાલન કરો આની સાથે;
  - તમારી જોખમ ક્ષમતાને અનુરૂપ 9 ફંડ વિકલ્પોની પસંદગી
  - સંપૂર્ણ પૉલિસી મુદત દરમિયાન અમર્યાદિત મફત સ્વીચિસ અને પ્રીમિયમ રી-ડાયરેક્શન&
- પૉલિસી પાકવા પર **રીટર્ન ઑફ મોર્ટાલિટી ચાર્જિસ (આરઓએમસી)**
- **લૉયલ્ટી એડિશન્સ#** મારફત ફંડ વેલ્યૂ બૂસ્ટર્સ
- **સુરક્ષા :** દુર્ભાગ્યપૂર્ણ મૃત્યુ થવાના કિસ્સામાં તમારી અને તમારા પ્રિયજનો માટે આર્થિક સુરક્ષા
- **સિસ્ટમેટિક મંથલી વિડ્રોઅલ# :** માસિક પેઆઉટ મારફત તમારા નિયમિત ખર્ચાનું આયોજન કરો
- **કર લાભ** :** તમે ભારતમાં લાગુ આવકવેરા કાયદાઓ અનુસાર આવકવેરા લાભો/છૂટ માટે પાત્ર છો, જે વખતોવખત ફેરફારને આધિન રહે છે.
- **પ્રવાહિતા :** 5 પૉલિસી વર્ષ પછી આંશિક ઉપાડ ઉપલબ્ધ

#11મા પૉલિસી વર્ષથી. બધાં જ પ્રીમિયમો ચૂકવ્યા હોય અને પૉલિસી ઈન-ફોર્સ હોય એ શરતને આધિન

&બીજા પૉલિસી મહિનાથી

**કર લાભો આવકવેરા કાયદાઓ અનુસાર છે અને વખતોવખત ફેરફારને આધિન રહે છે. કૃપા કરી વિગતો માટે તમારા કર સલાહકારની સલાહ લો.

## લાભોનો નમૂનો દષ્ટાંત

અજયની ઉંમર 30 વર્ષ છે અને તેણે એસબીઆઈ લાઈફ – સ્માર્ટ ઈન્શ્યૉરવેલ્થ પ્લસ પૉલિસી ₹12 લાખની મૂળભૂત વીમા રકમ અને 25 વર્ષની પ્રીમિયમ ચૂકવણી મુદત સાથે લીધી છે. તે દર મહિને ₹10,000 પ્રીમિયમ ચૂકવે છે. તે સ્માર્ટ ચૉઈસ સ્ટ્રેટજી હેઠળ 100% ઈક્વિટી ફંડ પસંદ કરે છે. આવો જોઈએ આ પ્લાન હેઠળ તે કઈ રીતે લાભ મેળવે છે.

1. **મેચ્યોરિટી બેનિફિટ (લમ્પસમ)**


   પાકતી તારીખના રોજ અજયનો પરિપક્વતા લાભ અનુમાનિત રોકાણ વળતરો આધારે નીચે કોષ્ટકમાં દર્શાવ્યા મુજબ રહે છે :




| અનુમાનિત રોકાણ વળતર પર | રીટર્ન ઑફ મોર્ટાલિટી ચાર્જ (₹) | કુલ પરિપક્વતા લાભ (₹) ફંડ વેલ્યૂ^ (25મા વર્ષના અંતે) |
|---|---|---|
| 8% | ₹ 6,351 | ₹ 68,76,034 |
| 4% | ₹ 7,218 | ₹ 39,50,030 |

**2. મૃત્યુ લાભ (ડેથ બેનિફિટ) (લમ્પસમ)**

જો 18મા પૉલિસી વર્ષના અંતે અજયનું દુર્ભાગ્યપૂર્ણ મૃત્યુ થાય તો અનુમાનિત રોકાણ વળતરો આધારે મૃત્યુ લાભ નીચે કોષ્ટકમાં દર્શાવ્યા મુજબ રહે છે :




| અનુમાનિત રોકાણ વળતર પર | મૃત્યુ લાભ^ (18મા પૉલિસી વર્ષના અંતે) |
|---|---|
| 8% | ₹ 37,52,204 |
| 4% | ₹ 25,59,721 |

^ફંડ મૂલ્યના આંકડાઓ માત્ર દૃષ્ટાંત હેતુસર અને સ્વસ્થ જીવન માટે છે. ઉપર જણાવેલા 4% અને 8% દર વર્ષ વળતરના અનુમાનિત દરો લાગુ થતા બધાં જ ચાર્જિસ ધ્યાનમાં લીધા પછી માત્ર દૃષ્ટાંતરૂપ સ્થિતિ છે. આ ગૅરંટેડ નથી અને તે વળતરની ઉચ્ચ અથવા નિમ્ન મર્યાદા નથી. યુનિટ લિંક્ડ લાઇફ ઇન્શ્યૉરન્સ પ્રોડક્ટ્સ બજારના જોખમોને આધિન છે. આ કૉન્ટ્રાક્ટ હેઠળ ઑફર કરાતા વિવિધ ફંડો માત્ર ફંડના નામ છે અને કોઈપણ રીતે આ પ્લાન્સની ગુણવત્તા તથા તેની ભાવિ સંભાવનાઓ અને વળતરોનો નિર્દેશ કરતા નથી. વધુ માહિતી માટે કૃપા કરી તમારા પૉલિસી વિશિષ્ટ લાભ દૃષ્ટાંત માટે વિનંતી કરો.

## પ્લાનની વિગતો

| | | |
|---|---|---|
| **પ્રવેશ સમયે ઉંમર$** | **ઓછામાં ઓછી :** 0 વર્ષ (30 દિવસ) | **વધુમાં વધુ :** 55 વર્ષ |
| **પાકતી મુદતે ઉંમર$** | **ઓછામાં ઓછી :** 18 વર્ષ | **વધુમાં વધુ :** 65 વર્ષ |
| **પૉલિસી મુદત$$** | 10, 15, 20 અને 25 વર્ષ | |
| **પ્રીમિયમ ચૂકવણી મુદત** | પૉલિસી મુદત જેટલી જ | |
| **પ્રીમિયમની રકમ (₹ 100ના ગુણાંકમાં)** | **ઓછામાં ઓછી :** ₹4,000 દર મહિને | **વધુમાં વધુ :** બોર્ડ માન્ય અંડરરાઈટિંગ પૉલિસીને આધિન કોઈ સીમા નહીં |
| **પ્રીમિયમ વારંવારતા** | માસિક | |
| **મૂળભૂત વીમા રકમ** | 10 x વાર્ષિકીકૃત પ્રીમિયમ++<br>વધુમાં વધુ મૂળભૂત રકમ બોર્ડ માન્ય અંડરરાઈટિંગ નીતિ અનુસાર રહેશે | |

$ઉંમર સંબંધિત બધા જ સંદર્ભો છેલ્લા જન્મ દિવસ મુજબ ઉંમર માટેના છે.

$$સગીર જીવનના કિસ્સામાં પૉલિસી મુદત યોગ્ય રીતે પસંદ કરવી જોઈએ જેથી એ સુનિશ્ચિત કરી શકાય કે પાકતી મુદતે વીમિત વ્યક્તિ પુખ્ત હોય. પ્રવેશ સમયે 8 વર્ષથી ઓછી ઉંમરના કોઈ સગીર જીવનના કિસ્સામાં જોખમ 2 પૉલિસી વર્ષ પૂરું થવા સાથે શરૂ થાય છે. પ્રવેશ સમયે 8 વર્ષ અને વધુની ઉંમર માટે જોખમ તરત જ શરૂ થાય છે.

++વાર્ષિકીકૃત પ્રીમિયમ એટલે વર્ષ દરમિયાન લાગુ થતા કરવેરા બાદ કરતા ચૂકવવાના રહેતા પ્રીમિયમની રકમ.

## વળતર પર પ્રતિબંધ

**વખતો વખત સુધારો કરાતી વીમા ધારા 1938ની કલમ 41 :**

ક) કોઈપણ વ્યક્તિએ કોઈપણ વ્યક્તિને જીવન અથવા ભારતમાં મિલ્કત સંબંધિત કોઈપણ પ્રકારના જોખમો સંદર્ભે વીમો લેવા અથવા રિન્યૂ કરવા અથવા ચાલુ રાખવા પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે ચૂકવવાપાત્ર કમિશનની પૂરેપૂરી અથવા આંશિક રકમનું વળતર અથવા પૉલિસીમાં દર્શાવેલા પ્રીમિયમની કોઈપણ છૂટ પ્રલોભન તરીકે આપવી કે આપવા ન દેવી જોઈએ, ન તો પૉલિસી લેનાર, રિન્યૂ કરનાર અથવા ચાલુ રાખનાર વ્યક્તિએ આવી કોઈપણ છૂટ સ્વીકારવી જોઈએ સિવાય કે વીમો કરનારના પ્રકાશિત કરાતા પ્રોસ્પેક્ટસ અથવા ટેબલો અનુસાર માન્ય છૂટ હોય.

ખ) આ કલમની જોગવાઈઓના પાલનમાં કસૂરવાર ઠરનાર કોઈપણ વ્યક્તિ દંડને પાત્ર રહેશે જે ₹10 લાખ સુધી વધી શકે છે.

**Toll-free No.:** 1800 267 9090 | SMS '**LIBERATE**' to 56161 | **Email:** info@sbilife.co.in | **Web:** www.sbilife.co.in
(Between 9.00 am & 9.00 pm)

એસબીઆઈ લાઇફ–સ્માર્ટ ઇન્શ્યૉરવેલ્થ પ્લસ એક ઈન્ડિવિજ્યુઅલ, યુનિટ–લિંક્ડ, નૉન–પાર્ટિસિપેટિંગ લાઇફ ઇન્શ્યૉરન્સ પ્રોડક્ટ છે.

**છેતરામણીભર્યા ફોન કૉલ્સ અને કાલ્પનિક/છેતરપીંડીવાળી ઓફરોથી સાવધ રહો :**
IRDAI, ઈન્શ્યૉરન્સ પૉલિસી વેચવી, બોનસ જાહેર કરવા કે પ્રીમિયમનું ઈન્વેસ્ટમેન્ટ કરવા જેવી ગતિવિધીઓ સાથે સંકળાયેલી નથી. આવા કૉલ્સ મેળવનાર જાહેર જનતાને વિનંતી છે કે તેઓ પોલિસમાં તેની ફરિયાદ કરે.

પ્રથમ 5 પૉલિસી વર્ષ દરમિયાન સરન્ડર માટેની અરજી કરવા પર ફંડ વેલ્યૂ 6ઠ્ઠા પૉલિસી વર્ષના 1લા કાર્યકારી દિવસે ચુકવવાપાત્ર રહેશે. 5 પૉલિસી વર્ષ પછી સરન્ડર માટેની અરજી કરવા પર ફંડ વેલ્યૂ તરત જ ચુકવી દેવામાં આવશે. વિવિધ ચાર્જિસ જેવા કે 'પ્રીમિયમ એલોકેશન ચાર્જિસ', 'ફંડ મેનેજમેન્ટ ચાર્જિસ' ઈત્યાદિ કાપી લેવામાં આવે છે. ચાર્જિસની સંપૂર્ણ યાદી અને તે લાગુ થવા વિશે જાણવા કૃપા કરી સેલ્સ બ્રોશર જુઓ. યુનિટ લિંક્ડ લાઇફ ઇન્શ્યૉરન્સ પ્રોડક્ટસ પરંપરાગત ઉત્પાદનોથી અલગ છે અને બજારના જોખમોને આધિન છે. યુનિટ લિંક્ડ ઇન્શ્યૉરન્સ પૉલિસીઓમાં ચૂકવેલા પ્રીમિયમો કૅપિટલ માર્કેટ સાથે સંકળાયેલા રોકાણ જોખમોને આધિન છે અને યુનિટોની એનએવી કૅપિટલ માર્કેટને અસર કરતા પરિબળો તેમ જ ફંડની કામગીરી આધારે વધી કે ઘટી શકે છે અને વીમાકૃત તેના/તેણીના નિર્ણય માટે જવાબદાર રહે છે. એસબીઆઈ લાઇફ ઇન્શ્યૉરન્સ કંપની લિમિટેડ એ વીમા કંપનીનું નામ માત્ર છે તથા એસબીઆઈ લાઇફ–સ્માર્ટ ઇન્શ્યૉરવેલ્થ પ્લસ, યુનિટ લિંક્ડ લાઇફ ઇન્શ્યૉરન્સ કૉન્ટ્રાક્ટનું નામ છે અને તે કોઈપણ રીતે કૉન્ટ્રાક્ટની ગુણવત્તા, તેની ભાવિ સંભાવનાઓ અથવા વળતરોનો નિર્દેશ નથી કરતું. કૃપા કરી સંકળાયેલા જોખમો અને લાગુ થતા ચાર્જિસ વિશે તમારા વીમા એજંટ અથવા મધ્યસ્થી પાસેથી અથવા તો વીમા કંપની દ્વારા જારી કરાયેલા પૉલિસી દસ્તાવેજમાંથી જાણી લો. આ કૉન્ટ્રાક્ટ હેઠળ ઑફર કરાતા વિવિધ ફંડો માત્ર ફંડના નામ છે અને કોઈપણ રીતે આ પ્લાન્સની ગુણવત્તા તેમની ભાવિ સંભાવનાઓ અને વળતરોનો નિર્દેશ કરતા નથી. ફંડ ઑપ્શન્સની ભૂતકાળની કામગીરી ભાવિ કામગીરીની દ્યોતક નથી. આ પૉલિસી હેઠળ ચૂકવવાપાત્ર બધાં જ લાભો કર કાયદાઓ અને વખતો વખત લાગુ થતા અન્ય ફિસ્કલ એનેક્ટમેંટ્સને આધિન રહે છે, કૃપા કરી વિગતો માટે તમારા કર સલાહકારની સલાહ લો. જોખમી પરિબળો તથા નિયમો અને શરતો વિશે વધુ વિગતો માટે વેચાણનો નિર્ણય કરતા પહેલા કૃપા કરી સેલ્સ બ્રોશર કાળજીપૂર્વક વાંચો. ઉપર દર્શાવેલ ટ્રેડ લોગો સ્ટેટ બૅન્ક ઑફ ઈન્ડિયાનો છે અને એસબીઆઈ લાઇફ દ્વારા તે લાઇસન્સ હેઠળ ઉપયોગ કરવામાં આવ્યો છે. એસબીઆઈ લાઇફ ઇન્શ્યૉરન્સ કંપની લિમિટેડ, રજિસ્ટર્ડ અને કૉર્પોરેટ ઑફિસ : નટરાજ, એમ. વી. રોડ અને વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે જંક્શન, અંધેરી (પૂર્વ), મુંબઈ– 400 069. **IRDAI રજિ. નં. 111** | CIN : L99999MH2000PLC129113.

NW/2J/ver1/01/22/SP/GUJ